અલ કાયદાની ભારતીય શાખા માટે સળવળાટ

દુબઈ,તા. ૪

અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોમાં ભુતકાળમાં મોટા હુમલાને અંજામ આપી ચુકેલા ખતરનાક ત્રાસવાદી સંગઠન અલ કાયદાના લીડર અયમાન અલ જવાહિરીએ એવી જાહેરાત કરી છે કે ભારતીય પેટાખંડમાં ત્રાસવાદી સંગઠન અલ કાયદાની ભારતીય શાખા ઉભી કરવામાં આવશે. જવાહિરીએ એવી જાહેરાત પણ કરી છે કે ભારતમાં ઈસ્લામિક રાજ સ્થાપિત કરવા માટેના પ્રયાસોને તીવ્ર બનાવાશે.

જવાહિરીની આ જાહેરાત બાદ દેશભરમાં એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૧માં ઓસામા બિન લાદેનના મોત બાદ અલ કાયદાના લીડર બનેલા આઅલ જવાહિરીના જણાવ્યા મુજબ ભારતીય પેટાખંડમાં અલ કાયદા માત્ર જેહાદને તીવ્ર બનાવશે નહી બલ્કે ઈસ્લામને ફેલાવવાના પ્રયાસો પણ તીવ્ર બનાવશે. ઓનલાઈન પોસ્ટ કરવામાં આવેલા પોતાના ૫૫ મિનિટના વિડિયોમાં જવાહિરીએ અફઘાનના તાલિબાની નેતા મુલ્લા ઓમરના પ્રત્યે વફાદારી દોહરાવી છે. જવાહિરીના એલાન બાદ સ્પષ્ટ થાય છે કે અલ કાયદા પોતાની જુની તાકાતને ફરીથી હાંસલ કરવા માટે પ્રયાસમાં છે. તે આઈએસના વધતા પ્રભુત્વને પડકાર પણ ફેંકવા માંગે છે. અલ કાયદાની આ જાહેરાત બાદ ભારત સરકાર સાવધાન થઈ ગઈ છે. સુત્રોના જણાવ્યા મુજબ ભારતીય ઈન્ટેલિજન્સ સંસ્થાઓએ વિડિયોની ચકાસણી કરી હતી. જે યોગ્ય દેખાઈ છે. વિડિયો સામે આવ્યા બાદ આજે સવારે જ કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે સુરક્ષા સંસ્થાઓની ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી.

બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, આઈબી અને રોના પ્રમુખે રાજનાથસિંહને પરિસ્થિતી અંગે માહિતી આપી હતી. જવાહિરીની જાહેરાત મુજબ ભારતની સામે ઉભા થનાર નવા સંગઠનનુ નામ કાયાદાત અલ જેહાદ રાખવામાં આવ્યું છે. આ શાખાની જવાબદારી એક પાકિસ્તાની ત્રાસવાદી આસીમ ઉમરને સોંપવામાં આવી છે. અલ કાયદાની શાખાની રચનાને જવાહિરીએ બાંગલાદેશ, અસામ, ગુજરાત, અમદાવાદ અને કાશ્મીરના મુસ્લિમો માટે સારા સમાચાર તરીકે ગણાવી તેની પ્રસંસા કરી છે. અલ કાયદાની નવી શાખા મુસ્લિમોને અન્યાય સામે બચાવશે. ભારતમાં જવાહિરીના નિવેદનને લઈને સરકાર સાવધાન છે. જવાહિરીની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે મોટો પડકાર બની શકે છે. જાણકાર લોકો માને છે કે, આ વીડિયો મુસ્લિમ દેશોમાં આઈએસઆઈએસના વધતા વર્ચસ્વથી પરેશાન થઈને અલકાયદાની લીડરશીપ દ્વારા જારી કરવામાં આવી છે. ઈરાકમાં કત્લેઆમ મચાવનાર સંગઠન આઈએસઆઈએસના લીડર અબુ બકર અલ બગદાદી પહેલાથી જ ઘણી જાહેરાત કરી ચુક્યા છે.

મોદી ઈફેક્ટ : રોકાણકાર દ્વારા હવે નાણાંનો વરસાદ

મુંબઈ,તા. ૪

વર્ષ ૨૦૧૪માં હજુ સુધી ભારતીય શેરબજારમાં ૧૩ અબજ ડોલરથી વધુ રકમ ઠાલવી દીધા બાદ હવે વિદેશી મુડીરોકાણકારો મોદી સરકારના નવા પગલા પર અને તેના દેખાવ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ વિદેશી રોકાણકારો જંગી રોકાણ કરી રહ્યા છે. નરેન્દ્ર મોદીનો જાદુ જોરદાર રીતે દેખાઈ રહ્યો છે. કેટલાક વૈશ્વિક મોટા રોકાણકારો જેમાં લાંબા ગાળાના રોકાણકારો અને હેડ ફંડ સામેલ છે. આ લોકો ભારતમાં તેમની ફાળવણી વધારી રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં હજુ સુધી એફઆઈઆઈ દ્વારા ભારતીય ઈક્વિટીમાં ૧૩ અબજ ડોલરનુ રોકાણ કર્યુ છે. જ્યારે મેના મધ્યમાં લોકસભાની ચૂંટણી જીતીને મોદી સરકાર કેન્દ્રમાં જોરદાર બહુમતિ સાથે આવ્યા બાદથી ૧૧ અબજ ડોલરની રકમ ઠાલવી દેવામાં આવી છે. સેબીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. તેઓએ આ વર્ષ ભારતીય ડેબ્ટ માર્કેટમાં બીજા ૧૭અબજની રકમ ઠાલવી દીધી છે. સંસ્થાકીય ડિલરો અને ફંડ મેનેજરો માને છે કે મજબુત પ્રવાહની વચ્ચે એફઆઈઆઈનો આંકડો આ વકતે વર્ષ ૨૦૧૩માં ૨૦.૧ અબજ ડોલરનો હતો જેનાથી આગળ નિકળી જશે. આના કરતા વધારે રોકાણ વર્ષ ૨૦૧૪માં થાય તેવી શક્યતા છે. એફઆઈઆઈમાં તેજી માટે અનેક કારણો જવાબદાર છે. જે પાકી એક કારણ એ છે કે સરકાર વોડાપોન ટેક્સ કેસને વહેલી તકે હાથ ધરવા માંગે છે. સાથે સાથે સુધારાની દિશામાં સરકાર ઝડપથી આગળ વધી રહી છે.

કોલસા બ્લોકની ફાળવણીના કેસમાં પણ સરકાર ઝડપથી આગળ વધી રહી છે. વર્ષોથી અટવાઈ પડેલા પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી રહી છે. બજારમાં નવી આશા મોદી સરકાર આવ્યા બાદ દેખાઈ રહી છે. વેપારલક્ષી સરકાર મોદી સરકાર છે તેમ વિશ્વભરમાં સંદેશાઓ ફેલાયા છે. આ તમામ બાબતોનો સીધો ફાયદો થયો છે.

શ્રીનગરમાં પુર એલર્ટની જાહેરાત કરી દેવાઈ

ઝેલમમાં પાણીની સપાટી ભયજનક સપાટીથી ઉપર

શ્રીનગર,તા. ૪

ઝેલમ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી પણ ચાર ફુટ ઉપર પહોંચી જતા હવે શ્રીનગર શહેરમાં પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. દક્ષિણ કાશ્મીરના અનંતનાજ જિલ્લા અને કુલગામ ખાતે પુરના લીધે ૨૩ ગામો પુરના સકંજામાં આવી ગયા છે. છેલ્લા ત્રૅણ દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. જેથી દક્ષિણ કાશ્મીરના અનંતનાજ અને કુલગામ જિલ્લામાં સૌથી વધારે કફોડી હાલત થઈ છે. શ્રીનગર શહેરમાં પમ પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. તમામ ઈમરજન્સી સેવાની મદદ લેવામાં આવી રહી છે. પુરની સ્થિતિને પહોંચી વળવા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. શ્રીનગરના ડેપ્યુટી કમીશનર ફારૂક અહેમદ શાહે કહ્યું છે કે સ્થિતી ખરાબ થઈ છે. કારણ કે સતત ત્રણ દિવસથી

ભારે વરસાદ પડી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે શહેરમાં રામ મુન્શી બાગ ખાતે ઝેલમ નદીમાં પાણીની સપાટી ૨૨ ફુટ પર છે. જે ભયજનક સ્તરથી ચાર ફુટ વધારે છે. ગઈકાલે બડગામ જિલ્લામાં અબુરા ખાતે બે લોકો તણાઈ ગયા હતા. જ્યારે ગઈકાલે જ દક્ષિણ કાશ્મીરમાં પુરના પાણીમા ફસાયેલા આશરે ૧૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. વરિષ્ઠ અધિકારીએ માહિતી ાપતા કહ્યું હતું કે દક્ષિણ કાશ્મીરમાં ૨૩ ગામો પુરના સકંજામાં આવી ગયા છે. શ્રીનગર શહેરના કેટલાક ભાગોમાં પણ પુરની સ્થિતી વિકટ બની છે. દોધ ગંગા પ્રવાહમાં સતત વધારો થયો છે. બોન એન્ડ જોઈન્ટ હોસ્પિટલ અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જિલ્લા વહીવટીતંત્રે પરિસ્થિતી પર ચાંપતી નજર રાખી છે. બોન એન્ડ જોઈન્ટ હોસ્પિટલમાં રહેલા દર્દીઓને અન્યત્ર ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગે કહ્યું છે કે છેલ્લા ૨૪ કલાકમાં જ દક્ષિણ કાશ્મીરના કાજીગુન્દ ખાતે ૧૫૬.૭મીમી વરસાદ થયો છે. શ્રીનગર સહિતના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો છે. સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે.

સીબીઆઈના ડિરેક્ટર રણજીત સિંહાને ફટકો

મિડિયા પર પ્રતિબંધની માંગ કરતી અરજી અંતે ફગાવાઈ

નવીદિલ્હી,તા. ૪

સુપ્રીમ કોર્ટે સીબીઆઈના ડિરેક્ટર રણજીત સિંહાના આવાસ ઉપર આવનાર લોકોની યાદી સાથે જોડાયેલા દસ્તાવેજના આધાર પર અહેવાલો પ્રકાશિત કરવાથી મિડિયાને રોકવાની માંગ કરતી સિંહાની અરજીને આજે ફગાવી દીધી હતી. હવે સિંહાના ઘરની વિઝિટર ડાયરી કોર્ટમાં જમા કરવામાં આવશે. જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં બેંચે કહ્યું છે કે, તેઓ આ દસ્તાવેજોને જોઈ ચુક્યા છે. કોર્ટે બિનસરકારી સંગઠનના વકીલ પ્રશાંત ભૂષણને કહ્યું છે કે, એફિડેવિટની સાથે આ સામગ્રીને પણ રજૂ કરવામાં આવે. કોર્ટનું કહેવું છે કે, દસ્તાવેજોના રેકોર્ડમાં રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી તેને લઈને કોઈ વાત કરવી યોગ્ય રહેશે નહીં. હકીકતમાં વકીલ પ્રશાંત ભૂષણે આક્ષેપ કર્યો હતો કે, સિંહાએ ૨જી સ્પેક્ટ્રમ અને કોલ કૌભાંડમાં આરોપીઓ સાથે મુલાકાત કરી હતી. આ મામલામાં વધુ સુનાવણી સોમવારના દિવસે હાથ ધરવામાં આવશે. દેશની સર્વોચ્ચ અદાલતે સીબીઆઈના નિર્દેશકની એવી અરજીને પણ ફગાવી દીધી છે જેમાં વિઝિટરની માહિતીને મિડિયામાં પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી હતી. સિંહાએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, તેમની સામે મુકવામાં આવેલા તમામ પ્રકારના આક્ષેપો બિલકુલ ખોટા છે અને આધારવગરના છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમને દસ્તાવેજ ક્યાંથી મળ્યા છે તેવો પ્રશ્ન વકીલ પ્રશાંત ભૂષણને પણ કરવામાં આવ્યો હતો. રણજીત સિંહા તરફથી ઉપસ્થિત થયેલા વકીલ વિકાસ સિંહે આ દસ્તાવેજોની પ્રમાણિકતા અને સોર્સ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. સીબીઆઈના નિર્દેશક રણજીત સિંહા હાલના દિવસોમાં વિવાદોના ઘેરમાં છે. પ્રશાંત ભૂષણે આક્ષેપો કર્યો હતો કે, સિંહાના ૨ જનપથના આવાસ પર રિલાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના અધિકારી તેમને અનેક વખત મળી ચુક્યા છે. ૨જી મામલામાં એડીએજીના અધિકારીઓ ઉપર પણ આક્ષેપ છે. રણજિત સિંહાએ રિલાયન્સના બે અધિકારીઓને પોતાના આવાસ ઉપર મળવાની વાત સ્વીકારી છે પરંતુ આ સંદર્ભમાં ખુલાસો કરતા તેમણે કહ્યું છે કે, જો કોઈપણ વ્યક્તિ ફરિયાદ લઈને પહોંચે છે તો તે ફરિયાદને દૂર કરવાની તેમની જવાબદારી છે. સિંહાએ કહ્યું હતું કે, એડીએજીને કોઈપણ લાભ પહોંચાડવામાં આવ્યો નથી. બે અધિકારીઓએ એવી રજૂઆત કરી હતી કે તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે. સિંહાએ વળતા આક્ષેપમાં કહ્યું છે કે, તેમની જાસુસી થઈ રહી છે.

સ્ટાર સાનિયા મિર્ઝા મિક્સ્ડ ડબલ્સની ફાઈનલમાં પ્રવેશી

ન્યુયોર્ક,તા. ૪

ન્યુયોર્કમાં રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડસ્લેમ અમેરિકી ઓપન ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતની



સ્ટાર ખેલાડી સાનિયા મિર્ઝાએ મિક્સ્ડ ડબલ્સમાં ફાઈનલમાં આગેકૂચ કરી લીધી છે. હવે સાનિયા પોતાની કેરિયરમાં ત્રીજી ગ્રાન્ડસ્લેમ જીતવાની નજીક પહોંચી છે. આ ટૂર્નામેન્ટ માટે બ્રાઝિલના બ્રુનો સોરેસની સાથે તેની જોડી છે. ટોચની ખેલાડી સાનિયા મિર્ઝા અને બ્રાઝિલના બ્રુનોની જોડીએ તાઈપેના યુંગ જાન અને જર્મનીના રોસ હંચિસની જોડીને ૭-૫,૪-૬,૧૦-૭થી હાર આપીને ફાઈનલમાં કૂચ કરી હતી. સેમીફાઈનલની આ મેચ ૧ કલાક અને ૩૩ મિનીટ સુધી ચાલી હતી. સાનિયા અને બ્રુનોએ કુલ ૭૪ પોઈન્ટ મેળવ્યા હતા જે તેમની હરીફ જોડી કરતા ત્રણ પોઈન્ટ વધારે છે. હવે અમેરિકી ઓપનમાં મિક્સ્ડ ફાઈનલમાં એબીગેલ સ્પિયર્સ અને મેક્સિકોના ગોન્ઝાલેસની જોડી સામે સાનિયા અને સોરેસની જોડી ટકરાશે. સાનિયા મિર્ઝા પાંચમી વખત કોઈ ગ્રાન્ડસ્લેમમાં ફાઈનલમાં પહોંચી છે. ૨૦૦૯ અને ૨૦૧૨માં સાનિયા મહેશ ભુપતીની સાથે મળીને મિક્સ્ડ ડબલ્સમાં ચેમ્પિયનશીપ જીતવામાં સફળ રહી હતી. આ ઉપરાંત સાનિયાન અને રોમાનિયાના હોરીયાની જોડીએ ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં કૂચ કરી હતી. પરંતુ આ જોડીને હારનો સામનો કરવો પડ્યો હતો. સાનિયા મિર્ઝા પાસે મહિલા ડબલ્સમાં પણ ફાઈનલમાં પહોંચવાની તક છે.

હરિયાણા, મહારાષ્ટ્ર તેમજ ઝારખંડમાં કોંગી હારી જશે

નવી દિલ્હી,તા. ૪

મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખડમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હાર થશે તેવા પાર્ટીના જ આંતરિક સર્વેમાં તારણથી કોંગ્રેસની ચિંતામાં વધારો થયો છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હજુ સુધીના ઈતિહાસની સૌથી કારમી હાર થઈ હતી. મોટા ભાગના રાજ્યોમાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા હતા. હવે વિધાનસભાની ચૂટણી પહેલા પણ કોંગ્રેસની સ્થિતી સુધારી રહી હોવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કોંગ્રેસના આંતરિક સર્વેના તારણો જારી કરવામાં આવી ચુક્યા છે. જેમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું છે કે ઓક્ટોબરમાં જે ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે તે તમામ ત્રણેય રાજ્યોમાં કોંગ્રેસની હાર થશે. પાર્ટીના સુત્રોએ કહ્યું છે કે હરિયાણામાં પાર્ટીના ચૂંટણી પહેલાના મુલ્યાકન મુજબ કોંગ્રેસ પાર્ટી ભાજપ અને ઈન્ડિયન નેશનલ કોલદળથી પાછળ રહેશે. એટલ કે તે ત્રીજા ક્રમાંકે રહેશે. મહારાષ્ટ્રને લઈને પણ પાર્ટીની અંદર કરવામાં આવેલા મુલ્યાંકન કહે છે કે કોંગ્રેસ અને એનસીપી ગઠબંધનને ૭૦થી વધારે બેઠકો મળશે નહી. ઝારખંડમાં કોંગ્રેસ ઝારખંડ મુક્તિ મોરચા, આરજેડી અને જેડીયુની સાથે મળીને ચૂંટણી લડનાર છે. અહી પણ બાજપ વધુ સારી સ્થિતીમાં છે. ચૂંટણીવાળા આ રાજ્યોમાં મુલ્યાંકન દર્શાવે છે કે લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસની સ્થિતીમાં હજુ સુધી કોઈ સુધારો થઈ રહ્યો નથી. તેની લોકપ્રિયતા લોકોમાં ઘટી ગઈ છે. તેનો વિશ્વાસ લોકો કરી રહ્યા નથી. આવનાર દિવસોમાં ત્રણેય રાજ્યોમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવનાર છે. એકબાજુ હાલમાં લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવી લીધા બાદ ભાજપ આ રાજ્યોમાં જોરદાર સપાટો બોલાવવાની તૈયારીમાં છે. ભાજપ પ્રમુખ અમિત શાહ નવી નવી યોજના તૈયાર કરી રહ્યા છે. પાર્ટી માટે મિશન તૈયાર કરવામાં આવ્યા છે.

સમાચાર ઝલક

- અમીરગઢ રેલવે સ્ટેશને ડેમુ ટ્રેન ખોટવાઈ. ભારે વરસાદથી દિલ્હી-અમદાવાદ રેલવેને ગંભીર અસર.
- સૌરાષ્ટ્રના દરિયા કિનારે રાક્ષસી મોજા ઉછળ્યા, દરિયો જોખમી બન્યો.
- ઉત્તર ભારતીય રાજ્યોમાં વીજ સંકટ વધુ ઘેરું. લોકો બેહાલ.
- ત્રાસવાદીઓ અમને ડરાવી નહીં શકે - બરાક ઓબામા.
- ટેક્ષટાઈલ નિકાસમાં ભારત વિશ્વમાં દ્વિતિય નંબરે.
- સોનામાં સતત મંદી ત્રણ દિવસમાં રૂ. ૬૦૦ તૂટયા ઘરાકી સાવ ઠપ્પ.
- વિશ્વમાં તબીબી ક્ષેત્રે નવી ઘટના, મદ્રાસમાં અડધો કલાકમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ કર્યું : તમામ ટ્રાફિક બંધ રાખી હવાઈ માર્ગે હૃદય લાવીને સર્જરી કરાઈ.
- માહિતી ન આપવા માટે ફાઈલ ગુમ થયાનું બહાનું નહિ ચાલે. કેન્દ્રીય સતર્કતા પંચ.
- ઉજ્જૈનના અતિ પવિત્ર મહાકાલેશ્વર મંદિરમાં આગ જાનમાલને નુકશાન થયું નથી.
- પંજાબમાં ૨ વર્ષમાં ૭૦૦૦ ખેડૂતોની આત્મહત્યા. ૧૧ ગામડા દેવાળિયા.
- ડીટેઈન થયેલા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે જ ભણાવવા પડશે.
- ગોંડલના દરજી દંપતિને વાસ્તુશાસ્ત્રમાં ગોલ્ડમેડલ મળ્યો.
- લિબિયામાં ૧૧ વિમાનો ત્રાસવાદીઓએ ચોર્યા હોવાની શંકા.
- અંબાજી મેળામાં યાત્રાળુઓ માટે ૧૪૦૦ બસોની સેવા પુરી પાડશે એસ.ટી. નિગમ.
- મહારાષ્ટ્રની હોટલોમાં ડાન્સ પર પ્રતિબંધ લાગુ કરાયો.
- દારૂની પરમીટ માટે કડક નિયમો અમલી બનશે.

દેશમાં ચર્ચા જગાવનાર લવ જેહાદનો મામલો કોર્ટમાં

નવીદિલ્હી,તા. ૪

લવ જેહાદને લઈને હવે રાજકીય લડાઈની સાથે સાથે ચર્ચાઓનો દોર પણ શરૂ થઈ ગયો છે. મામલો કોર્ટમાં પણ પહોંચી ગયો છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે આજે ભાજપના નેતાઓ સામે કઠોર પગલા લેવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી સ્થાનિક વકીલની જાહેરહિતની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા કેન્દ્ર સરકાર, રાજ્યસરકારો અને ચૂંટણી પંચને જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. કોમવાદી તંગદિલી ઉભી કરવા લવ જેહાદનો ઉપયોગ કરવાનો ભાજપ નેતાઓ ઉપર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જસ્ટિસ ઈમ્તિયાઝ મુર્તઝા અને જસ્ટિસ અશ્વિનીકુમાર સિંહની બનેલી ડિવિઝન બેંચે આ મામલાને ગંભીરતાથી હાથ ધર્યો હતો અને સમગ્ર મામલાની વધુ સુનાવણી ૨૫મી સપ્ટેમ્બરના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. એડિશનલ એડવોકેટ જનરલ બુલબુલ ગોડિયાલે જવાબ રજૂ કરવા રાજ્ય સરકાર પાસેથી વધુ સૂચન માટે સમયની માંગ કરવામાં આવ્યા બાદ સુનાવણી ૧૫મી સુધી ટાળી દેવામાં આવી હતી. ભાજપના સાંસદ યોગી આદિત્યનાથ અને કાલરાજ મિશ્રા દ્વારા ચૂંટણી પ્રચાર ઉપર પ્રતિબંધ મુકવાની વકીલ અશોક પાંડે દ્વારા માંગ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં એક લોકસભા અને વિધાનસભાની ૧૧ બેઠકોની પેટાચૂંટણી ૧૩મી સપ્ટેમ્બરના દિવસે યોજાનાર છે. અશોક પાંડેએ કહ્યું હતું કે, યોગી અને મિશ્રા ચોક્કસ સમુદાય સામે લવ જેહાદના આક્ષેપો કરી રહ્યા છે. કોઈ પુરાવા રજૂ કર્યા વગર આ આક્ષેપો થઈ રહ્યા છે. આના કારણે રાજ્યમાં કોમવાદી માહોલ બગડી રહ્યો છે. પેટાચૂંટણીમાં ધ્રુવીકરણની સ્થિતિ સર્જાઈ ગઈ છે. મિશ્રા કેન્દ્રીય પ્રધાન પણ છે જ્યારે યોગી પેટાચૂંટણી માટે ભાજપના પ્રચારની જવાબદારી સંભાળી રહ્યા છે. ભાજપ અને સંઘ પરિવાર દ્વારા લવ જેહાદમાં સામેલ થવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણીની તૈયારીમાં તમામ પક્ષો વ્યસ્ત બનેલા છે. હિન્દુત્વ લીડર યોગી આદિત્યનાથને ભાજપના સ્ટાર પ્રચારક બનાવવામાં આવ્યા છે. તેઓ મોટાભાગે હિન્દુત્વના મુદ્દાઓને ઉઠાવીને પ્રચાર કરી રહ્યા છે. કેન્દ્રીય પ્રધાન કાલરાજ મિશ્રાને પણ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. લવ જેહાદનો મુદ્દો ગરમ છે ત્યારે ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણી યોજાઈ રહી છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને મોટાભાગની બેઠકો ઉત્તરપ્રદેશમાં જીતી લીધી હતી. ભાજપ અને તેના સાથી પક્ષોએ ૮૦ પૈકી ૭૧ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. સમાજવાદી પાર્ટીએ યોગી આદિત્યનાથ ઉપર પ્રતિબંધ મુકવાની માંગ પણ કરી છે. આદિત્યનાથ દ્વારા વારંવાર લવ જેહાદ શબ્દના ઉપયોગની સામે અલ્હાબાદ હાઈકોર્ટમાં રજૂ કરાયેલી અરજી સ્વીકારી લેવાઈ છે. ૧૦ દિવસનો સમય આપીને આ મામલામાં ૧૫મી સપ્ટેમ્બરના દિવસે વધુ સુનાવણી હાથ ધરાશે.

યો-યો હનીસિંહ આઠ સિટીમાં ધૂમ મચાવશે

હૈદરાબાદ, તા.૪

પંજાબના રેપર યો-યો હનીસિંહ ઓક્ટોબરમાં દેશના આઠ શહેરોમાં પ્રવાસ કરનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તેમની આ યાત્રા ટીયર ટુ સિટી નામથી રહેશે. આનો મતલબ એ થયો કે, જે લોકો નાના શહેરોમાં રહે છે તેમને પણ ફાયદો થશે. હનીસિંહનો આ પ્રવાસ દર વર્ષે આયોજિત થનાર છે. મ્યુઝિક શો એમટીવી સુપર સ્ટેજ માટે રહેશે. આના માટે હનીસિંહ પુણે, જયપુર, ઈન્દોર, લખનૌ, જલંધર, ગુડગાવ, કોલકાતા અને ગુવાહાટીની યાત્રા કરશે. શોના નિર્માતાઓના જણાવ્યા મુજબ હનીસિંહ આ પ્રવાસ દરમિયાન પોતાના લોકપ્રિય બ્લ્યુ આઈસ, લુંગી ડાન્સ અને પાની પાની જેવા હિટ્સ ઉપર લાઈવ પરફોર્મ કરશે. તાજેતરમાં હનીસિંહે પોતાના નવા આલ્બમ દેશી કલાકાર લોંચ કરીને ભારે ચર્ચા જગાવી છે. તેના વિડિયોમાં સોનાક્ષી સિંહા પણ દર્શાવવામાં આવી છે. આ ગીતો ચાર્ટ બસ્ટર્સમાં સ્થાન મેળવી ચુક્યા છે. મ્યુઝિક શો દરમિયાન હનીસિંહ અનેક ખુબસુરત અભિનેત્રીઓના સાથ મળે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. હનીસિંહની લોકપ્રિયતા તાજેતરના સમયમાં વધી છે.

જેટ દ્વારા ૭૨૫માં ટિકિટની ઓફર થઈ

નવીદિલ્હી, તા.૪

સ્થાનિક વિમાની કંપનીઓ વચ્ચે ટિકિટ ભાડાને લઈને જોરદાર સ્પર્ધા જામી છે. આ સ્પર્ધાને આગળ વધારીને હવે જેટ એરવેઝ દ્વારા પણ ૭૨૫ રૂપિયામાં એર ટિકિટની ઓફરની શરૂઆત કરવામાં આવી છે. લિમિટેડ પિરિયડ માટે આ ઓફર શરૂ કરવામાં આવ્યા બાદ તેને જોરદાર પ્રતિસાદ પણ મળી રહ્યો છે. કંપનીની વેબસાઈટ ઉપર કહેવામાં આવ્યું છે કે, આ ઓફર હેઠળ પાંચ સપ્ટેમ્બર સુધી જ ટિકિટ બુક કરાવી શકાશે. આ સ્કીમ ૧૬મી જાન્યુઆરી ૨૦૧૫ બાદ બુક કરવામાં આવનાર ટિકિટો માટે છે. આ ઓફર જેટ એરવેઝ અને જેટ કનેક્ટ માટે ઈકોનોમિ ક્લાસમાં મુસાફરી કરવા માટે રહેશે.

શિક્ષકો ક્યારે પણ નિવૃત્ત થતા નથી : મોદી

નવીદિલ્હી, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, શિક્ષકો ક્યારે પણ નિવૃત્ત થતાં નથી પરંતુ શિક્ષણ કાર્ય જારી રહે છે. શિક્ષણ કોઈ પ્રોફેશન નહીં બલ્કે જીવન ધર્મ સમાન છે. મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, શિક્ષકો ભારતના ભાવિના નિર્માણને પ્રોત્સાહન આપશે. વડાપ્રધાને શિક્ષક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી દ્વારા સમ્માન મેળવી ચુકેલા આશરે ૩૫૦ શિક્ષકો સાથે પોતાના આવાસ ઉપર વાતચીત કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાતના પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા બાદ તેમની બે ઈચ્છાઓ હતી જેમાં બાળપણના મિત્રો અને તેમના તમામ શિક્ષકોને મળવાની બાબતનો સમાવેશ થાય છે. વડાપ્રધાને કહ્યું હતું કે, તેમની બંને ઈચ્છાઓ પરિપૂર્ણ થઈ ચુકી છે. કોઈપણ વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકની ખુબ મોટી ભૂમિકા રહે છે. તેમણે ઉમેર્યું હતું કે,

એવોર્ડ મેળવી ચુકેલા શિક્ષકો દિલ્હીના પ્રવાહથી પ્રભાવિત થશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, આવતીકાલે દેશભરમાં શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સમાજને આગળ લઈ જવામાં શિક્ષકોની મહત્વ ભૂમિકા રહે છે. વિશ્વભરમાં થઈ રહેલા પરિવર્તનને સમજવાની જરૂર છે. શિક્ષકો ક્યારે પણ નિવૃત્ત થતાં નથી. ભાવિ પેઢીને જ્ઞાન આપવાનું શિક્ષકો જારી રાખે.